મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

G NEWS ગરવી તાકાત LIVE

૩૧-૧૨-૨૦૨૪
મંગળવાર

વર્ષ : ૧૦ ★ અંક નં : ૨૭૦
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો એક આંગળીના ટેરવે
પ્લે સ્ટોરમાંથી ડાઉનલોડ કરો અને મેળવો તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં
Garvi Takat app

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

## જાન્યુઆરીમાં ગુજરાત, યુપી સહિતના ૭ રાજયોમાં નવા ભાજપ પ્રમુખ : ફેબ્રુઆરીમાં રાષ્ટ્રીય પ્રમુખ મળશે

# નવા વર્ષથી ભાજપના સંગઠનાત્મક ફેરફારનો ધમધમાટ

(ગરવી તાકાત) મહેસાણા તા.૩૧

ભાજપમાં ટૂંક સમયમાં સંગઠન સ્તરે મોટો ફેરબદલ થવાનો છે. નવા વર્ષમાં પાર્ટીને જાન્યુઆરીના અંતિમ સપ્તાહ અથવા ફેબ્રુઆરીના પહેલા સપ્તાહમાં નવા રાષ્ટ્રીય અધ્યક્ષ મળી શકે છે. જો કે, પાર્ટીના બંધારણ મુજબ, આ પહેલા ૫૦ ટકા રાજ્યોમાં સંગઠનની ચૂંટણીઓ પૂર્ણ કરવાની હોય છે.

આ સિવાય મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, ગુજરાત, પશ્ચિમ બંગાળ, જમ્મુ-કાશ્મીર અને ઝારખંડમાં પણ ૧૫ જાન્યુઆરી સુધીમાં પ્રદેશ પ્રમુખો બદલવામાં આવશે. સંગઠન ચૂંટણીને લઈને રવિવારે દિલ્હીમાં પાર્ટીની બેઠક યોજાઈ હતી.

આ ઉપરાંત આ વર્ષે ૨૫મી ડિસેમ્બરે અટલજીની ૧૦૦મી જન્મજયંતિને ધ્યાનમાં રાખીને ૨૫મી ડિસેમ્બર ૨૦૨૫ સુધી સમગ્ર વર્ષ દરમિયાન સુશાસન અને સંવિધાન ઉત્સવ મનાવવાનો નિર્ણય બેઠકમાં લેવામાં આવ્યો છે.

નડ્ડાનો કાર્યકાળ લોકસભા-વિધાનસભાની ચૂંટણીઓને કારણે લંબાવવામાં આવ્યો હતો. પાર્ટી અધ્યક્ષનો કાર્યકાળ ૩ વર્ષનો હોય છે. આ અર્થમાં નડ્ડાનો કાર્યકાળ ૨૦૨૩માં સમાપ્ત થઈ ગયો છે. લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને તેમનો કાર્યકાળ લંબાવવામાં આવ્યો હતો.



ભાજપના બંધારણ મુજબ વ્યક્તિ વધુમાં વધુ બે ટર્મ સુધી સતત પ્રમુખ રહી શકે છે. નડ્ડા કેન્દ્રીય કેબિનેટમાં સામેલ થયા બાદ તેમના ફરીથી રાષ્ટ્રપતિ બનવાની શક્યતાઓ સમાપ્ત થઈ ગઈ છે. તેનું કારણ ભાજપનું એક વ્યક્તિ-એક પદનું શાસન છે.

ભાજપે પોતાના સંગઠનમાં યુવાનોને મહત્વ આપવા માટે વય મર્યાદા નક્કી કરી છે. આ માટે જિલ્લાઓમાં બનનારા મંડળ પ્રમુખની ઉંમર ૩૫ થી ૪૫ વર્ષની વચ્ચે નક્કી કરવામાં આવી છે.

સાથે જ જિલ્લા પ્રમુખની ઉંમર ૪૫ થી ૬૦ વર્ષની વચ્ચે હશે. તેમજ જિલ્લા પ્રમુખને ૭ થી ૮ વર્ષ સુધી સંગઠનમાં કામ કરવાનો અનુભવ હોવો જરૂરી બનાવવામાં આવ્યો છે. ૧૫ જાન્યુઆરી સુધીમાં તેમની ચૂંટણી પૂર્ણ કરવાનો લક્ષ્યાંક છે.

સતત બે ટર્મથી મંડલ પ્રમુખ કે જિલ્લા પ્રમુખ રહી ચૂકેલી વ્યક્તિને ત્રીજી વખત તક નહીં મળે. સંગઠનમાં કોઈપણ પદ પર કામ કરતી વ્યક્તિને જ જિલ્લા પ્રમુખ બનાવવામાં આવશે તેવો નિર્ણય પણ લેવામાં આવ્યો છે.

વર્તમાન પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલ કેન્દ્રમાં મંત્રી છે. આવી સ્થિતિમાં એક વ્યક્તિ-એક પદની ફોર્મ્યુલાને કારણે રાજ્ય સંગઠનને નવા પ્રમુખ મળશે તે નિશ્ચિત છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પાટીદાર વર્ગમાંથી આવે છે, તેથી કોઈપણ બિન-પાટીદાર નેતાને પ્રદેશ પ્રમુખ બનાવી શકાય છે. આવી સ્થિતિમાં ત્રણ વખતના સાંસદ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી દેવુસિંહ ચૌહાણ, ત્રીજી વખત જામનગરના સાંસદ પૂનમ માડમ અને પૂર્વ સાંસદ ડો.કિરીટ સોલંકીના નામ મોખરે છે.

**આગામી માસના મધ્ય સુધીમાં જ ૫૦% રાજયોમાં ભાજપને નવા પ્રદેશ પ્રમુખ મળતા રાષ્ટ્રીય ચૂંટણીનો માર્ગ ખુલી જશે**

## પે એન્ડ યુઝ શૌચાલયનું નગરપાલિકા સંચાલન કરે તેવું વિસ્તારના લોકોની માંગ

# મહેસાણાના બિલાડી બાગ વિસ્તારમાં પાલિકા દ્વારા બનાવેલ પે એન્ડ યુઝ શૌચાલય ખંડેર બનવા પામ્યા

(ગરવી તાકાત) મહેસાણા તા.૩૧

મહેસાણા નગરપાલિકા હવે મહાનગર પાલિકા બનવા જઈ રહી છે ત્યારે શહેરીજનો માટે બનાવેલી સુખ સગવડોનું યોગ્ય રીતે જાળવણી થાય તે માટે પાલિકાના તંત્રના સત્તાધીશોએ ખાસ જોવાનું રહ્યું છે. પરંતુ પાલિકાના સત્તાધીશોને જાણે જાનતાની કાંઈ જ પડી હોય તેવું ફલિત થાય છે. આવા ચૂંટાઈ આવેલા કોર્પોરેટરો ફકત પાલીકામાં આવી આંટા ફેરા મારીને જતાં રહેતા હોવાનું લોકો જણાવી રહ્યા છે.

મહેસાણા શહેરના સોમનાથ ચોક વિસ્તારમાં પાલિકા દ્વારા બનાવેલા પે એન્ડ યુઝ સંડાસ અને બાથરૂમનો વપરાશ થાય તે માટે સત્તાધીશોએ સામાજિક સંસ્થાને કામગીરી સોંપેલ પરંતુ છેલ્લા ઘણા સમયથી આ પેન્ડ યુઝ સંડાસ અને બાથરૂમ બંધ રહેતા આજબાજુ ગંદકીથી ભારે દુર્ગંધ ફેલાય છે જેના કારણે અહિંથી પસાર થતાં નાગરીકોમાં રોગચાળો ફેલાવાની ભીતિ સેવાઈ રહી છે.





આ પેન્ડ યુઝ શૌચાલય ઘણા સમયથી બંધ રહેતા આનો ઉપયોગ શરાબના શોખિનો તેની અંદર દારૂ તથા બિયરની ખાલી બોટલો નાંખવાના કારણે દેશી દારૂની કોથળીઓ સહિતનો કચરો જોવા મળી રહ્યો છે.

મહેસાણા નગરપાલિકાના પ્રમુખશ્રી તેમજ ચીફ ઓફિસર ભાજપના નગર સેવકોને હવે મહેસાણા મહાનગરપાલિકા બનવા જઈ રહી છે.

તો કોઈ ને પ્રજા ના કામો કરવામાં પણ રસ નથી કોઈ ચૂંટાયેલા મહાનુભાવો પાસે કોઈ સમય નથી તેઓ કોઈ દિવસ આ વિસ્તારની મુલાકાતે પણ આવતા નથી.

આ સંસ્થા ને પે એન્ડ યુઝ સોપેલ છે એ સંસ્થા પાસેથી તાત્કાલિક પે એન્ડ યુઝ પરત લેવા વિનંતી છે અને નગરપાલિકા એનું સંચાલન કરે તેવી આ વિસ્તારના રહીશો માંગે છે. અને તેની રેગ્યુલર જાળવણી કરે તેવી લોક માંગણી ઉઠવા પામી છે.

અત્રે ઉલ્લેખનિય છેકે, લાખો રૂપિયાના ખર્ચે બનાવવામાં આવેલા આ પે એન્ડ યુઝ હવે ખંડેર બની જતાં લાખો રૂપિયા પાણીમાં ગયા હોય તેવું જણાઈ આવે છે. કોના બાપની દિવાળી?



**મહાન અર્થશાસ્ત્રી અને દેશના પૂર્વ પ્રધાનમંત્રીશ્રી ડો. મનમોહનસિંહજી ના દુઃખદ અવસાન નિમિત્તે મહેસાણા જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા 'શ્રધ્ધાંજલિ'નો કાર્યક્રમ રાખેલ હતો જેમાં આગેવાનનો જિલ્લાના તમામ હોદ્દેદાર ભાઈઓ બહેનો તેમજ કાર્યકરો ઉપસ્થિત રહીને સ્વ.મનમોહનસિંહને શ્રદ્ધાંસુમન અર્પણ કર્યા હતા.**

## તાલુકા પંચાયતની બાજુમાં નવિન પોલીસ સ્ટેશન માટે જગ્યા ફાળવેલ છે છતાં

# વિસનગર તાલુકા પોલીસ સ્ટેશનની દુર્દશા : પોલીસ કર્મચારીઓ ભયના છાયા નીચે કામ કરી રહ્યા છે

(ગરવી તાકાત) મહેસાણા તા.૩૧

રાજ્યના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલના હોમ ટાઉન વિસનગરમાં તાલુકા પોલીસ સ્ટેશનની જર્જરીત હાલતને લઈને પોલીસ સ્ટાફ ભયના છાયા નીચે કામ કરી રહ્યો છે. નવિન પોલીસ સ્ટેશનમાં તાલુકા પંચાયતની બાજુમાં જગ્યા ફાળવેલ છે છતાં કોઈ કારણસર નવિન પોલીસ મથકનું ખાતમુહુર્ત કરવામાં આવતુ નથી.

છેલ્લા ઘણા સમયથી તાલુકા પોલીસ સ્ટેશન ખંડેર હાલતમાં છે છતાં નથી તેનો સમારકામ કરવામાં આવતું કે નથી નવીન જગ્યાએ તેનું ખાતમુર્હુત કરવામાં આવતું નથી.

દરબાર રોડ ઉપર આવેલું વિસનગર તાલુકા પોલીસ સ્ટેશન અરજદારો માટે પણ ખૂબ જ બજારની અંદર પડતું હોવાની તેમજ પોલીસ સ્ટાફ ના કર્મચારીઓ પણ ભયના છાયા નીચે કામ કરતા હોવાનું જાણવા મળ્યું છે ..



વિસનગર તાલુકા પંચાયતની બાજુમાં નવીન મકાન માટે જગ્યા પણ ફાળવવામાં આવી છે આરોગ્ય મંત્રીના શહેરમાં તાલુકા પોલીસ સ્ટેશન ખંડેર હાલતમાં. તાલુકા પોલીસ સ્ટેશનમાં ઠેર ઠેર ગંદકી ખદબદતી જોવા મળી રહી છે. ગૃહમંત્રી અને આરોગ્યમંત્રી તાલુકા પોલીસ સ્ટેશન નવીન બનાવે તેવી તાલુકાની પ્રજાની લોકમાંગ.

## બેસણું/લૌકિકક્રિયા



મારાં ધર્મપત્ની
**વાલીબેન નારણભાઈ ચૌધરી**
તા.૩૦-૧૨-૨૦૨૪ને સોમવારના રોજ દેવલોક પામ્યાં છે. સદ્ગતનું બેસણું/લૌકિકક્રિયા તા.૨-૧-૨૦૨૫ને ગુરુવારના રોજ સવારે ૮-૦૦ થી ૫-૦૦ સુધી નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : મુ.પુનાસણ, પુનાસણ પ્રા.શાળાની પાછળ, તા.જિ.મહેસાણા.

લિ. **નારણભાઈ ફુલજીભાઈ ચૌધરી**

દિનેશભાઈ નારણભાઈ ચૌધરી (પુત્ર)
અશોકભાઈ નારણભાઈ ચૌધરી (પુત્ર)
ગોવિંદભાઈ નારણભાઈ ચૌધરી (પુત્ર)
શૈલેષભાઈ નારણભાઈ ચૌધરી (પુત્ર)

માનસંગભાઈ ફુલજીભાઈ ચૌધરી
પારસંગભાઈ ફુલજીભાઈ ચૌધરી
શિવરામભાઈ ફુલજીભાઈ ચૌધરી
જૈમિન, નિધી, હર્ષ, કિશા, હર્મિત, પ્રિયાંશી, પૂજન, દેવમ

**સમસ્ત પડાયા પરિવાર (પુનાસણ)**

## રીક્ષા ચાલક સાથે પ્રેમ થઈ જતાં બન્નેએ પ્રેમ લગ્ન કરી લીધા હતા

# પતિ દારૂનો નશો કરીને પત્નિને પરેશાન કરતાં પત્નિએ ૧૮૧ની મદદથી સમસ્યાનું સમાધાન મેળવ્યું

(ગરવી તાકાત) મહેસાણા તા.૩૧

મહેસાણા પંથકમાં શિક્ષિકા નોકરી અર્થે રોજ અપડાઉન કરતી હતી. જે દરમિયાન રીક્ષા ચાલક સાથે જ પ્રેમ થઈ જતાં બન્નેએ પ્રેમલગ્ન કરી લીધા હતા. જોકે, શિક્ષિત યુવતીને રીક્ષા ચાલક સાથેનો પ્રેમ ભારે પડ્યો હતો. લગ્નના થોડા દિવસોમાં જ પતિ દારૂનો નશો કરી પરેશાન કરવા લાગ્યો હતો. જેથી પત્નીએ ૧૮૧ની મદદથી પોતાની સમસ્યાનું સમાધાન મેળવ્યું હતું.

મહેસાણા પંથકમાં એક યુવતી પોતે પોતાના પરિવારની મદદથી સારો અભ્યાસ કરી શિક્ષિકા બની હતી. શિક્ષિકાને પોતાની નોકરી પર જવા રોજ રીક્ષામાં અપડાઉન કરતી હતી. આ દરમિયાન રીક્ષા ચાલક સાથે જ આંખો મળી ગઈ હતી. જોત જોતામાં બન્ને વચ્ચે પ્રેમ પાંગર્યો હતો. પ્રેમમાં શિક્ષિકા એ રીતે અંજાઈ ગઈ હતી કે, પોતે શિક્ષિત હોવા છતાં તેને રીક્ષા ચાલકના પ્રેમમાં પડી પ્રેમ લગ્ન કરી લીધા હતા. પ્રેમ લગ્ન બાદ શિક્ષિકાના પરિવારને મોટો આઘાત લાગતા તેમને પોતાની દીકરી સાથે બોલાચાલી બંધ કરી સબંધો તોડી નાખ્યાં હતા. પ્રેમ લગ્ન બાદ શિક્ષિકાએ પોતાના હમસફર સાથે નવ જીવનની શરૂઆત કરી હતી. ત્યાં જ લગ્નના થોડાક સમય બાદ પ્રેમીથી પતિ બનેલા શખ્સે પોતાનો રંગ બતાવ્યો હતો.




શિક્ષિકાનો પતિ દારૂનો નશો કરી તેને શારીરિક માનસિક ત્રાસ આપતો હતો. પરેશાન બનેલી પત્નીને પિયરથી પણ મદદનો આશરો ન હોઈ તેને ૧૮૧ પર કોલ કરી અભિયમની ટીમની મદદ માંગી હતી. ૧૮૧ની ટીમ સ્થળ પર પહોંચતા તમામ વિગતો જાણી અરજદારના પતિ સાથે કાઉન્સેલિંગ કરી તેને સમજાવવામાં આવ્યો હતો. પતિએ કાઉન્સેલરની વાત માની પત્ની સાથે હળી મળી રહેવા તૈયારી દર્શાવી હતી. જ્યારે અરજદારને કાયદાકીય માર્ગદર્શન કરવામાં આવ્યું હતું. આમ બન્ને વચ્ચે સમાધાન કરવામાં આવ્યું હતું.

# વર્ષ ૨૦૨૪ની ભારત સરકારની રાજ્ય માટેની જાહેરાતો અને મહત્ત્વની પહેલ

● વડોદરામાં ઝ-૨૯૫ એરક્રાફ્ટના ઉત્પાદન માટે ટાટા એરક્રાફ્ટ કોમ્પ્લેક્સ થયું કાર્યરત.

● રૂપિયા ૧૨૩૮ કરોડના ખર્ચે તૈયાર થનાર નેશનલ મેરીટાઇમ હેરીટેજ કોમ્પલેક્ષ અને લાઇટ હાઉસ મ્યુઝિયમના નિર્માણને કેન્દ્રીય કેબિનેટે મંજૂરી આપી.

● કેન્દ્રીય કેબિનેટે સાણંદમાં કેયન્સ સેમિકોનના રૂપિયા ૩૩૦૦ કરોડના ખર્ચે નિર્માણ થનાર પ્લાન્ટને મંજૂરી આપી, જેની ક્ષમતા રોજની ૬૦ લાખ ચીપ્સ ઉત્પાદનની હશે.

● ધોલેરા-ભીમનાથ ૨૩.૩૩ કિલોમીટર નવી બ્રોડગેજ રેલવે લાઇન પ્રોજેક્ટ માટે કેન્દ્ર સરકારે રૂપિયા ૪૬૬ કરોડની ફાળવણી કરી. જેના કારણે ધોલેરાને સીધી રેલવે કનેક્ટિવિટી ઉપલબ્ધ થશે.

● રાજ્યમાં ૫૦૦ મેગાવોટના ઓફશોર વિન્ડ એનર્જી પાર્ક પ્રોજેક્ટની સ્થાપના માટેની વાયેબિલિટી ગેપ ફંડીંગ યોજનાને કેન્દ્રીય કેબિનેટે મંજૂરી આપી.

● ધોલેરામાં ટાટા ઇલેક્ટ્રોનિક્સ પ્રાઇવેટ લિમિટેડ અને પાવરચીપ સેમિકન્ડક્ટર મેન્યુફેચરીંગ કોર્પોરેશનના ૯૧૧ હજાર કરોડના રોકાણ સાથેની સેમિકન્ડક્ટર ફેબ્રિકેશન યુનિટ, તેમજ સાણંદમાં સી. જી. પાવર, રેનેસાસ ઇલેક્ટ્રોનિક કોર્પોરેશન અને સ્ટાર્સ માઇક્રો ઇલેક્ટ્રોનિક્સના સંયુક્ત ઉપક્રમે ૭૬૦૦ કરોડના રોકાણના સેમિકન્ડક્ટર ATMP ફેબ્રિકેશન યુનિટને કેન્દ્રીય કેબિનેટે મંજૂરી આપી.

● રૂપિયા ૯ હજાર કરોડના ખર્ચે તૈયાર થનાર મુંદ્રા પાણીપત પાઇપ લાઇનનનો શિલાન્યાસ વડાપ્રધાનશ્રીના હસ્તે થયો.

● અમદાવાદ-ગાંધીનગર મેટ્રો કાર્યરત. આગળના ફેઝનું કામ પૂરગતિમાં કાર્યરત.

● દેશનો સૌપ્રથમ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ ગુજરાતમાં ઝડપથી આગળ વધી રહ્યો છે. ગુજરાતનું અમદાવાદ તથા મહારાષ્ટ્રનું મુંબઈ, એવા પહેલા શહેરો હશે, જે ઝડપી ગતિની આ બુલેટ ટ્રેનના પ્રત્યક્ષ સાક્ષી બનશે.

● રાજકોટ અને સુરત ખાતે આંતરરાષ્ટ્રીય એરપોર્ટ થયાં કાર્યરત સાથે જ ઉડાન યોજના હેઠળ ભાવનગર, જામનગર, કંડલા, કેશોદ, મુંદ્રા અને પોરબંદર એરપોર્ટને કનેક્ટિવિટી મળી.

● જામનગર – બઠીંડા (ભટીંડા) ૧૩૧૬ કિલોમીટરના હાઇવેનું નિર્માણ જે બઠીંડા, બાડમેર અને જામનગર ત્રણ મોટી રિફાઇનરીઓને જોડે છે.

● દ્વારકાથી બેટ દ્વારકા સુધી ૯૭૯ કરોડના ખર્ચે સુદર્શન સેતુનું નિર્માણ કરવામાં આવ્યું છે. ૨.૩ કિમી લાંબા આ બ્રિજની સાથે-સાથે ૨.૪૫ કિમીના એપ્રોચ રોડ તથા પાર્કિંગની સુવિધા પણ વિકસિત કરવામાં આવી છે. તેના કારણે હવે દ્વારકાથી બેટ દ્વારકા સરળતાથી પહોંચી શકાશે.

● ૧૧૯૫ કરોડના ખર્ચે નિર્માણ થયેલ રાજકોટ AIIMSનું વડાપ્રધાનશ્રીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું.

● ૧૨૦૦ કરોડના ખર્ચે સાબરમતી ગાંધી આશ્રમનો પુનઃવિકાસ.

વર્ષ ૨૦૨૦૪ના રાજ્ય સરકારના મહત્ત્વના સકારાત્મક કાર્યો

● ગુજરાતની જનતા માટે ગરવું ગુજરાત, ગુણવંતુ ગુજરાત, ગ્રીન ગુજરાત, ગ્લોબલ ગુજરાત અને ગતિશીલ ગુજરાત એમ 5Gના મંત્ર સાથે સર્વગ્રાહી દિશાદર્શન કરતું ? ૩ લાખ ૩૨ હજાર કરોડનું માતબર બજેટ.

● વર્ષ ૨૦૨૪-૨૫માં જેન્ડર બજેટમાં મહિલા સશક્તિકરણની



કુલ ૮૦૪ યોજનાઓ આવરી લેવામાં આવી.

● નારી ગૌરવ નીતિ ૨૦૨૪ જાહેર કરી.

● કુટિર ગ્રામોદ્યોગ પોલિસીની ઘોષણા કરવામાં આવી.

● ખરીદ નીતિ ૨૦૨૪ લાગૂ કરવામાં આવી.

● ગ્રીન હાઇડ્રોજન પોલિસી બનાવવામાં આવી.

● નવી ગુજરાત ટેક્સટાઇલ પોલિસી-૨૦૨૪ની જાહેરાત.

● વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટનું ૧૦મા સંસ્કરણનું સફળતાપૂર્વક આયોજન અને ? ૪૫ લાખ કરોડથી વધુના ૯૮,૦૦૦ થી વધુ MoU થયા. સૌ પ્રથમ વખત જિલ્લા સ્તરે 'વાયબ્રન્ટ ગુજરાત, વાયબ્રન્ટ ડિસ્ટ્રિક્ટ'નું આયોજન.

● કેન્દ્રના નીતિ આયોગની પેટર્ન પર રાજ્યમાં ગુજરાત રાજ્ય ઇન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સફોર્મેશન (GRIT)ની સ્થાપના કરવામાં આવી. આ સંસ્થા રાજ્યની વિકાસ વ્યૂહરચનાઓને આગળ ધપાવશે.

● સપ્ટેમ્બર ૨૦૨૪માં નીતિ આયોગના જી-હબ ઇનિશિએટિવ હેઠળ સુરત ઇકોનોમિક ડેવલપમેન્ટ પ્લાન જાહેર.

● રાજ્યમાં શહેરીકરણ સુદ્દઢ થાય તે માટે નવી ૯ મહાનગરપાલિકા અને ૧ નગરપાલિકાની રચના થશે.

● "કિસાન સૂર્યોદય યોજના" હેઠળ ૯૬ ટકા ગામના ખેડૂતોને દિવસે વીજળી મળતી થઈ. રાજ્યના ૧૮,૨૨૫ ગામ પૈકી ૧૭,૧૯૩ ગામમાં ૨૦.૫૧ લાખથી વધુ ખેતીવાડી વીજ જોડાણો કરાયા.

●૨૮૦૦ કરોડથી વધુના મૂલ્યની વિવિધ કૃષિ પેદાશોની ટેકાના ભાવે ખરીદી.

●૧૧મી નવેમ્બરથી ૯૦ દિવસ સુધી મગફળી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદી કાર્ય આરંભાયું.

●૨૪૬ તાલુકાઓમાં રવી કૃષિ મહોત્સવ દ્વારા ૨.૧૦ લાખથી વધુ ખેડૂતોએ મેળવ્યું આધુનિક ખેતીનું માર્ગદર્શન.

● ઇ-સેવાઓ વધુ સુલભ બને તે માટે PACS એટલે કે પ્રાથમિક કૃષિ ધિરાણ સંસ્થાઓને સામાન્ય સેવા કેન્દ્રો (CSCs) તરીકે વિકાસાવવા માટે GOIની પહેલ અન્વયે 3,233PACS ઓનબોર્ડ.

● નળકાંઠાના વિસ્તારમાં ૩૯ ગામોને સિંચાઈની સુવિધા મળી રહે તે માટે ૪૦૦ કરોડથી વધુના કામોનો પ્રારંભ.

●' શ્રમિક અન્નપૂર્ણા યોજના' હેઠળ ૨ કરોડ ૬૮ લાખ લોકોને ભોજન વિતરણ.

● 'શ્રમિક બસેરા યોજના'ની શરૂઆત, આગામી ત્રણ વર્ષમાં રૂ. ૧૫૦૦ કરોડના ખર્ચે ૩ લાખ જેટલા શ્રમિક બસેરાના નિર્માણનું આયોજન.

● રાજ્યની દીકરીઓ વધુ ભણે અને આગળ વધે તે માટે શરૂ કરાયેલી 'નમો લક્ષ્મી' યોજના દ્વારા લગભગ ૧૦ લાખ વિદ્યાર્થિનીઓને ૧૩૮ કરોડથી વધુની સહાય ચૂકવાઇ.

● વિદ્યાર્થીઓ વિજ્ઞાન પ્રવાહમાં ભણવા પ્રેરાય તે માટે શરૂ કરાયેલી 'નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના' અંતર્ગત ૨.૫ લાખથી વધુ વિદ્યાર્થીઓને ૨૮ કરોડથી વધુની સહાય ચૂકવાઇ.

●'નમો શ્રી યોજના' હેઠળ ગર્ભવતી મહિલાઓને ૧૨ હજાર રૂપિયાની આર્થિક સહાય આપવાની યોજના દ્વારા ૧.૪૫ લાખ લાભાર્થીઓને સહાય.

● PMJAY-MA હેઠળ મળતી સહાય બમણી, હવે રૂ. ૧૦ લાખ સુધીની સારવાર નિઃશુલ્ક.

● પ્રધાનમંત્રી નેશનલ ડાયાલિસિસ પ્રોગ્રામ (PMNDP) અંતર્ગત ગુજરાતમાં નવા ૧૮૮ ડાયાલિસિસ કેન્દ્રો કાર્યરત

● રાજ્યમાં કુલ ૩૫ ડે કેર કીમોથેરાપી સેન્ટર્સ શરૂ કરવામાં આવ્યા. જેમાં ૬૩ હજારથી વધુ દર્દીઓના ૧,૬૯,૦૬૬ કીમોથેરાપી સેશન્સ

● સરકારી અને ગ્રાન્ટ-ઇન-એઈડ પ્રાથમિક શાળાના ૪૧ લાખ વિદ્યાર્થીઓને પૌષ્ટિક અલ્પાહાર આપવા માટે 'મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના'નો આરંભ.

● સુરતમાં વિશ્વના સૌથી મોટા કોર્પોરેટ ઓફિસ હબ ડાયમંડ બુર્સનું લોકાર્પણ.

● કેન્દ્ર અને રાજ્ય સરકારની ૬૮૦ થી પણ વધુ યોજનાઓની માહિતી નાગરિકોને "મારી યોજના" એક જ ડિજિટલ પ્લેટફોર્મ પરથી મળી રહેશે.

● યુવાનોના ઇનોવેટીવ વિચારોને ગુડ ગવર્નન્સમાં સાંકળવાની દિશામાં "સરદાર પટેલ ગુડ ગવર્નન્સ ફેલોશીપ"ની શરૂઆત કરી.

● ગુજરાતમાં 'એક પેડ માં કે નામ' અંતર્ગત ૧૭ કરોડ ૧૯ લાખથી વધુ વૃક્ષોનું વાવેતર.

● મુખ્યમંત્રીશ્રીને મળતી ભેટ-સોગાદોના વેચાણ માટે પોર્ટલ લોન્ચ.

● રાજ્યના ૨૧ જિલ્લાઓના ૫૦ તાલુકાઓમાં સરકારી પુસ્તકાલયો શરૂ કરવાનો ઐતિહાસિક નિર્ણય

● ભ્રષ્ટ અને ગુનાહિત પ્રવૃત્તિઓ દ્વારા મેળવેલી સંપત્તિઓને જપ્ત કરવા માટે ગુજરાત સ્પેશિયલ કોર્ટ્સ એક્ટ, ૨૦૨૪ અમલી.

● ગુજરાત માનવબલિ અને બીજી અમાનુષી, અનિષ્ટ તેમજ અઘોરી પ્રથા, કાળા જાદુ અટકાવવા નિર્મૂલન વિધેયક સર્વાનુમતે પસાર.

● ગુજરાત પોલીસે તાજેતરમાં સુરતમાં તેના પ્રથમ એન્ટી-નાર્કોટિક્સ યુનિટનું ઉદઘાટન કર્યું.

● રાજ્યની ૩૪ નગરપાલિકાઓમાં સિટિઝન સિવિક સેન્ટર કાર્યરત થતાં આ નગરોના નાગરિકોને સરકારી સેવાઓ મેળવવામાં સરળતા રહેશે.

● ઓક્ટોબરથી ડિસેમ્બર ૨૦૨૪માં વસૂલાત પાત્ર ફ્યુઅલ સરચાર્જમાં ૪૦ પૈસાનો ઘટાડો.

● યુનાઇટેડ નેશન્સની એજન્સી વર્લ્ડ ટુરિઝમ ઓર્ગેનાઈઝેશન દ્વારા કચ્છનું ધોરડો ગામ "બેસ્ટ ટુરિઝમ વિલેજ" જાહેર.

● UNESCO™k Prix Versailles એવોર્ડ અંતર્ગત ભુજનું સ્મૃતિવન ભૂકંપ મેમોરિયલ અને મ્યુઝિયમ વિશ્વના સૌથી સુંદર મ્યુઝિયમ્સની યાદીમાં સામેલ.

● છોટાઉદેપુરના હાંફેશ્વર ગામને કેન્દ્રના પર્યટન મંત્રાલય દ્વારા હેરિટેજ કેટેગરીમાં શ્રેષ્ઠ ગ્રામીણ પર્યટન સ્પર્ધા ૨૦૨૪નો એવોર્ડ.

● વાવકુલ્લી-૨ પંચાયતને દેશની સર્વશ્રેષ્ઠ "સુશાસન યુક્ત પંચાયત" તરીકે પ્રથમ પુરસ્કાર પ્રાપ્ત.

● ૭૫મા પ્રજાસત્તાક દિવસની પરેડમાં ગુજરાતનો ટેબ્લો સતત બીજા વર્ષે પીપલ્સ ચોઇસ એવોર્ડમાં પ્રથમ ક્રમે

● ૨૦૨૪ના વર્ષના પ્રથમ દિવસે સમગ્ર ગુજરાતમાં એક સાથે ૧૦૮ સ્થળો ઉપર ૫૦,૦૮૬ લોકોએ સૂર્ય નમસ્કાર કરીને નવો ગીનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ સ્થાપતિ કર્યો.

## હસતા ચહેરાઓનો અર્થ એ નથી કેએમાં દુઃખની ગેરહાજરી છે, પણ એનો અર્થએ છે કે એમનામાં પરિસ્થિતિને સંભાળવાની ક્ષમતા છે



યશપાલસિંહ ટી.વાઘેલા
દરબાર ગઢ થરા

ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો સંસારનો મોહ દૂર ન થાય ત્યાં સુધી ભક્તિ થતી નથી. કોઈ પણ રીતે મનને સંસારના વિષયોમાંથી હઠાવી પ્રભુ પ્રેમમાં જોડી રાખો! અરે, જેને દેહ કહીએ છીએ તે દેહ પણ આપણો નથી. કારણ તેને પણ આપણે રાખી શકવાના નથી, તો બીજું કોણ આપણું?માટે પિતાજી, ગંગાકિનારે ઠાકોર જીની સેવા કરો.મનને વિક્ષેપ થાય ત્યારે તેણે શ્રીકૃષ્ણલીલા કથામાં લઈ જાવ.ભાવના કરશો તો હૃદય પીગળશે. પરદોષદર્શન સેવામાં- સત્કર્મમાં વિઘ્નરૂપ છે.માટેપરદોષ દર્શનનો ત્યાગ કરો!અને ભગવાન નો આશરો લઈ ભગવાનમય બની જીવો ભગવાનમય જીવન ગાળવા માટે ધ્યાન, જપ અને પાઠ અતિ આવશ્યક છે.ઉત્તમ પાઠના જ અંગ છે:મધુરતા, સ્પષ્ટ અક્ષરનો ઉચ્ચાર,પદચ્છેદનું જ્ઞાન, ધીરજ, લયનું સામર્થ્ય અને મધુર કંઠ. પાઠ શાંત ચિત્તો કરવો. ઉતાવળથી સમજયા વગર પાઠ ન કરવો.આત્મદેવ ગંગાકિનારે આવ્યા અને માનસી સેવા કરવા લાગ્યા એકાંત માં બેસી મનને એકાગ્ર કરે છે.ચંચળ મનને વિવેક રૂપી બોધથી સાચવવું અને સંકલ્પ વિકલ્પથી દૂર રાખવું. માનસિક સેવામાં મનની ધારા અતૂટ રહેવી જોઈએ.એવી સેવા માં દિવ્યતા રહેલી છે.ઉચ્ચ સ્વર થી જપ પાઠ કરવાથી મનની એકાગ્રતા થાય છે. ચિત્ત વૃત્તિનો નિરોધ થાય છે. આત્મદેવ સતત ભાગવત ધ્યાનમાં તન્મય છે. નિવૃત્તિમાં સતત સત્કર્મ થવું જોઈએ.નહીંતર નિવૃત્તિમાંથી પાપ બહાર આવે છે. આત્મદેવ દસમા સ્કંધનો નિત્ય પાઠ કરે છે. આત્મ દેવ ખરેખરો દેવ બને છે. જીવ અને શિવ એક બને છે.જીવ અને ઈશ્વરનું મિલન થાય છે. પરમાત્માના બે સ્વરૂપ એક અર્ચા સ્વરૂપ અને બીજું નામ સ્વરૂપ. સામગ્રીથી જેની સેવા થાય એ અર્ચાસ્વરૂપ. શ્રીમદ્ ભાગવતએ ભગવાનનું નામ સ્વરૂપ છે.નામસ્વરૂપ વિના સ્વરૂપ સેવા થતી નથી.નામ સ્વરૂપમાં જ્યાં સુધી નિષ્ઠા ન થાય ત્યાં સુધી સ્વરૂપ સેવામાં પ્રીતિ થતી નથી.મન શુદ્ધિ વગર સ્વરૂપ સેવા માં આનંદ મળતો નથી.સંસાર સાથે સ્નેહ કરે છે,ત્યાં સુધી તેમને સ્વરૂપ સેવામાં આનંદ મળતો નથી સંસાર સાથે સ્નેહ કરો,પણ વિવેક પૂર્વક સ્નેહ કરો.અગ્નિ બાળે છે, પણ તેનો વિવેક પૂર્ણ ઉપયોગ કરવામાં આવે તો તે લાભ કરે છે તેવું સંસારનું છે.

સંસારમાં જ્યાં સુધી દેહનું ભાન છેત્યાં સુધી મનુષ્ય સંસારને છોડી શકતો નથી અને મન માયાને સ્પર્શ કરે છે તે મન મનમોહનની સેવામાં જઈ શકતું નથી.જ્યાં સુધી સ્વરૂપ સેવામાં મન એકાગ્ર ન થાય ત્યાં સુધી નામ સેવા કરો.સ્વરૂપ સેવા માં આનંદ આવતો નથી કેમ કે મન વ્યગ્ર છે.મનુષ્યનું મન સંસાર વ્યવહાર ના વિષયોમાં એવું લીન રહે છે કે, પાપ કરે છે તેનું પણ તેને ભાન રહેતું નથી. સ્વરૂપ સેવા કરતાં હૃદય પીગળે, આંખો ભીની થાય, આનંદ આવે અને સાત્ત્વિક ભાન જાગે તો સેવા સફળ થઈ છે એમ સમજજો. સેવા એ હૃદયના ભાવ છે.હૃદયના ભાવ વગર કરેલી સેવા ફળતી નથી. જીવ શુદ્ધ થઈ પરમાત્માની સેવા કરે છે.ઠાકોરજી પ્રસન્ન થાય છે.મનમાં અનેક જન્મોના મેલ ભર્યા છે.સ્વરૂપ સેવામાં મનશુદ્ધિ આવશ્યક છે.મનને શુદ્ધ કરવા નામ સેવાની જરૂર છે. મનને શુદ્ધ કરે છે ભાગવત. કળિ યુગમાં નામ સેવા પ્રધાન છે. શ્રીમદ્ ભાગવતએ ભાગવતનું નામ સ્વરૂપ છે. નામ એ જ બ્રહ્મ છે.નામ એ જ પરમાત્મા છે. વધુ શું કહું? નામ એ પરમાત્મા કરતાં પણ શ્રેષ્ઠ છે. ઈશ્વર દેખાતા નથી. જે દેખાતા નથી તેની સાથે સ્નેહ કરવો કઠણ છે. નામ સ્વરૂપ સ્પષ્ટ દેખાય છે. જે વ્યક્તિનાં પ્રત્યક્ષ દર્શન નથયાં હોય તેના નામને પકડી રાખો તો તેના દર્શન થશે જ થશે.ઈશ્વર નું સ્વરૂપ સર્વ માટે અનુકૂળ અને સુલભ નથી. પણ સ્વરૂપ સુલભ છે.જ્ઞાની પુરુષો નામમાં નિષ્ઠા રાખે છે ને નામનો આશ્રય કરે છે. રામજીએ થોડા જીવોનો ઉદ્ધાર કર્યો હશે ત્યાર પછી તેમના નામે અનેકોનો ઉદ્ધાર કર્યો છે. શ્રી કૃષ્ણ પૃથ્વી ઉપર વિરાજેલા,ત્યારે તેમણે જે જીવો નો ઉદ્ધાર કર્યો તેના કરતાં તેના નામે અનેકોને તાર્યા છે.

મોટામાં મોટું પાપ કર્યું? આપણને ઈશ્વરના નામમાં નિષ્ઠા નથી તે.

નામ સાધન સરળ છે. ભાગવત એ ભગવાનનું સ્વરૂપ છે. ભાગવતનો આશ્રય એ નામનો આશ્રય. ભાગવતનો આશ્રય કરે તે ભગવાન બને છે.સંસ્કૃતનું જ્ઞાન હોય તો જ રોજ દસમ સ્કંધનો, વિષ્ણુસહસ્ર નામનો,શિવમહિમ્ન સ્તોત્રનો પાઠ અર્થ જ્ઞાન સાથે કરો પ્રભુ જલ્દી કૃપા કરતા નથી. સ્વેચ્છાથી દુઃખ સહન કરે તેને યમરાજ દુઃખ આપી શકતા નથી. આત્મદેવ એકઆસને દસ-બાર કલાક બેસતા.એક આસને બેસો જે લીલાની કથા ચાલતી હોય તે લીલા પ્રત્યક્ષ થઈ રહી છે તેમ વિચારો તો આનંદ આવશે. દશ્ય માંથી દૃષ્ટિ હઠી જાય અને દૃષ્ટિ માં સ્થિર થાય,તો આનંદ પ્રગટે.

ગોકર્ણને લાગ્યું કે,ધુંધુકારીનું વર્તન મને વિક્ષેપ કરશે.એટલે તેઓ પણ વનમાં જાય છે. બીજી બાજુ ધુંધુ કારી વેશ્યાઓને રાજી કરવા ચોરીઓ કરવા લાગ્યો. એક એક ઈન્દ્રિયનો ધણી જીવ છે પરંતુ જો ઈન્દ્રિય ધણી થાય, એટલે કે મનુષ્ય ઈન્દ્રિયને આધીન થાય તો તેનું જીવન બગડે છે. મન ઈશ્વર સાથે મૈત્રી કરે, ત્યારે સુખ થાય છે અને વિમુખ થાય ત્યારે દુઃખ થાય છે.ધુંધુકારી અનર્થથી અર્થોપાર્જન કરે છે, તે રાજાને ઘરે ચોરી કરવા લાગ્યા. દાગીનાઓ લાવી વેશ્યા ઓને આપ્યા. વેશ્યાઓ વિચાર કરે છે કે,આ જીવતો રહેશે તો આપણે પણ તેની સાથે કોઈ વખત પકડાઈ જઈશુંને ધન ખોઈ બેસી સજા પામીશું માટે આને મારી નાખીએ. વેશ્યાઓએ ધુંધુકારીને દોરડા વડે બાંધ્યો. ગળે ફાંસો આપ્યો, તો પણ ધુંધુકારી મરતો નથી.અતિ પાપીને જલ્દી મોત આવતું નથી. વેશ્યાઓ બળતા અંગારા ધુંધુ કારીના મોઢામાં નાખે છે અને તેને મારી નાખે છે. પંચેન્દ્રિયો,પંચ વિષયો અંતકાળ માં જીવને આમ મારે છે. પછી વેશ્યાઓએ તેના શરીરને અગ્નિ સંસ્કાર પણ કર્યો નહીં,દાટી દીધું ધુંધુકારી પોતાના કુકર્મોને કારણે ભયંકર પ્રેત બન્યો.પાપી યમપુરી માં પણ જતો નથી,તે પ્રેત બને છે.

ગોકર્ણે ધુંધુકારીના મરણના સમાચાર સાંભળ્યા.તેઓ ગયાજી માં આવ્યા છે.ગોકર્ણે ધુંધુકારી પાછળ ગયાજીમાં શ્રાદ્ધ કર્યું.ગયા શ્રાદ્ધ શ્રેષ્ઠછે.ત્યાં વિષ્ણુ પાદ છે.તેની કથા એવી છે કે ગયા સુર કરીને એક રાક્ષસ હતો.તેણે તપ થી બ્રહ્માને પ્રસન્ન કર્યા.બ્રહ્મા એ કહ્યું કે વરદાન માગ ત્યારે તે બ્રહ્મા ને કહે છે કે, તમે શું વરદાન આપવાના હતા?તમારે મારી પાસે કાંઈ માગવું હોય તો માગો. બ્રહ્મા એ વિચાર્યું કે,આ અસુર આમ મરવાનો નથી.પણ આના શરીર ઉપર લાંબા સમય સુધી યજ્ઞ કરીશું તો એ મરશે,એટલે બ્રહ્મા એ યજ્ઞ માટે તેનું શરીર માગ્યું. યજ્ઞકુંડ ગયાસુરની છાતી પર કરવામાં આવેલો.સો વર્ષ સુધી યજ્ઞ ચાલ્યો,પણ ગયા સુર મર્યો નહીં.યજ્ઞની પૂર્ણાહુતિ પછી તે ઊઠવા ગયો,ત્યારે બ્રહ્મા ચિંતાતુર બન્યા.બ્રહ્માએ નારાયણ નું ધ્યાન કર્યું.નારાયણ ભગવાન પ્રગટ થયા અને ગયાસુરની છાતીમાં બે ચરણો પધરાવ્યાં.ગયાસુરે મરતી વેળા ભગવાન પાસે વરદાન માગ્યું કે,આ ગયામાં જે કોઈ શ્રાદ્ધ કરશે તેના પિતૃઓની મુક્તિ થાય. ભગવાને વરદાન દીધુંકે,તારા શરીર ઉપર જે પિંડદાન કરશે, તેના પિતૃ ઓને ભક્તિ મળશે ભગવાને ગયાસુએ મુક્તિ આપી માટે ગયા જીમાં જે પિતૃ શ્રાદ્ધ કરશે તેના પિતૃઓને મુક્તિ મળશે. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી આજે ૨૦૨૪ના વર્ષનો અંતિમ દિવસ વ્યસનના વાવાઝોડાથી બચીને આનંદ લુટશો ભગવદ્ ગીતા જ્ઞાનમાં આપણે દરરોજ સવારે કંઈક મેળવવા પ્રયત્ન કરીએ છીએ.જે આપ સૌ મેળવી હૃદય મનથી શાંતિનો અનોખો અહેસાસ કરતા હશો. બસ આપણું ધ્યેય કંઈક આજ છે.સૌનું કલ્યાણ થાઓ.. તેવી શુભેચ્છા સહ અસ્તુ.



# ‘ફિટ મીડિયા, ફિટ ઇન્ડિયા’- માહિતી-પ્રસારણ વિભાગ દ્વારા

# સમગ્ર રાજ્યમાં પત્રકારો માટે નિઃશુલ્ક હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયા-રાજ્યના કુલ ૧,૫૩૨ પત્રકારોની સ્વાસ્થ્ય ચકાસણી

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ‘ફિટ મીડિયા, ફિટ ઇન્ડિયા’ અભિયાન અંતર્ગત પત્રકારો માટે નિઃશુલ્ક હેલ્થ ચેકઅપ કેમ્પનો અમદાવાદ ખાતેથી કરાવ્યો હતો શુભારંભ**

**સમાજના હિતાર્થે રાત-દિવસ દોડતા પત્રકારોનું સ્વાસ્થ્ય જળવાય તે માટે રેડક્રોસ કટિબધ્ધ-માહિતી વિભાગના સહયોગથી હેલ્થ ચેકઅપ કેમ્પ પરિણામલક્ષી બન્યા**

(ગરવી તાકાત) મહેસાણા તા.૩૧

ભારતમાં પ્રેસ-મીડિયાને લોકશાહીની ચોથી જાગીર માનવામાં આવે છે. શિયાળો,, ઉનાળો હોય કે પછી ચોમાસું, પત્રકારો હરહંમેશ સમાચરો માટે દોડતા રહેતા હોય છે. દેશમાં લોકશાહીને જાળવી રાખવા માટે તટસ્થ -સચોટ માહિતી નાગરિકો સુધી પહોંચાડવાનું નેક કામ પત્રકારો કરે છે. એક સ્વસ્થ અને તંદુરસ્ત પત્રકાર સમાજને જાગૃત રાખવાનું કામ કરે છે ત્યારે તેમની સ્વાસ્થ્ય મહત્તા સમજીને રાજ્ય સરકારના માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા મીડિયા સંકલનની સાથે સાથે પત્રકારોને પૂરતું મહત્વ અને પત્રકારોને વીમા કવચ સહિતની વિવિધ સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે.

ગુજરાતના પત્રકારોનું સ્વાસ્થ્ય નિરંતર જળવાઈ રહે તે માટે માહિતી અને પ્રસારણ વિભાગ તેમજ ગુજરાત રેડક્રોસ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે




રાજ્યભરમાં પત્રકારો/મીડિયા કર્મીઓ માટે “ફિટ મીડિયા, ફિટ ઈન્ડિયા” અભિયાન તાજેતરમાં હાથ ધરવામાં આવ્યું હતું. અમદાવાદ ખાતેથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ અભિયાનનો ૧૫ ઓક્ટોબરે અમદાવાદથી રાજ્યવ્યાપી શુભારંભ કરાવ્યો હતો.

મુખ્યમંત્રી તેમજ માહિતી-પ્રસારણ વિભાગના સચિવ શ્રી અવંતિકાસિંહ તેમજ માહિતી નિયામક શ્રી કે. એલ. બચાણીના માર્ગદર્શન હેઠળ ગત તા. ૧૫ ઓક્ટોબરથી તા. ૧૯ ડિસેમ્બર દરમિયાન ગુજરાતના તમામ જિલ્લા મથકો ખાતે જિલ્લા માહિતી કચેરીઓ દ્વારા પત્રકાર/મીડિયા કર્મીઓ માટે હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અભિયાન હેઠળ યોજાયેલા હેલ્થ ચેકઅપ કેમ્પમાં રાજ્યના કુલ ૧,૫૩૨ જેટલા પત્રકારો/મીડિયા કર્મીઓનું હેલ્થ ચેકઅપ કરવામાં આવ્યું હતું.

આ હેલ્થ ચેકઅપ દરમિયાન પત્રકાર/મીડિયા કર્મીઓનું મુખ્યત્વે બ્લડ ટેસ્ટ, એક્સરે અને ઈસીજી સહિતના વિવિધ સામાન્ય ટેસ્ટ નિઃશુલ્ક કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત વિટામીન ઢ, વિટામીન મ૧૨, કોલેસ્ટ્રોલ, થાઈરોઈડ અને ડાયાબીટીસ સહિતના વિવિધ ટેસ્ટ પણ કરવામાં આવ્યા હતા. સાથે જ, હેલ્થ ચેકઅપ ટીમ દ્વારા પત્રકાર મિત્રોને આરોગ્ય સંબંધિત અને સ્વસ્થ જીવન સંદર્ભે જરૂરી માર્ગદર્શન પણ પૂરું પાડવામાં આવ્યું હતું.

ગુજરાત રેડક્રોસ સોસાયટીના અધ્યક્ષ શ્રી અજય પટેલે જણાવ્યું હતું કે, સમાજના હિતાર્થે રાત-દિવસ દોડતા પત્રકારોનું સ્વાસ્થ્ય જળવાય તે માટે રેડક્રોસ દ્વારા માહિતી વિભાગના સંકલનમાં આ કાર્યક્રમોનું સુદ્રઢ આયોજના કરવામાં આવ્યું હતું. આગાઉ પણ રેડક્રોસ સોસાયટી દ્વારા અમદાવાદના પત્રકારો માટે સ્વાસ્થ્ય ચકાસણી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૫૧૮ જેટલા પત્રકારોનું હેલ્થ ચેકઅપ કરવામાં આવ્યું હતું. પત્રકારોની સ્વાસ્થ્ય ચકાસણીના પગલે અનેક પત્રકારોને ભવિષ્યમાં થનારા ગંભીર રોગોથી બચાવાયા છે. સાથે સાથે આવા અનેકવિધ અભિયાનો થકી રાજ્યના તમામ નાગરિકોને રાજ્ય સરકાર સુશાસનની અનુભૂતિ કરાવે છે એમ તેમણે ઉમેર્યુ હતું.

સમગ્ર રાજ્યના પત્રકારોએ રાજ્ય સરકારની આ સેવાને બિરદાવતા જણાવ્યું હતું કે, રાજ્યનો મહિતી વિભાગ પત્રકારોના સ્વાસ્થ્ય જાળવણી માટે તત્પર છે તે અનુકરણીય છે.

માહિતી-પ્રસારણ વિભાગ માટે પત્રકારોનું સ્વાસ્થ્ય અને તેમનું તંદુરસ્ત જીવન હરહંમેશ મહત્વપૂર્ણ વિષય રહ્યો છે. પત્રકારોના હિતાર્થે યોજાયેલા આ અભિયાનમાં સહયોગ આપવા બદલ માહિતી અને પ્રસારણ વિભાગે રેડક્રોસ સોસાયટીની સંપૂર્ણ ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

## નડાબેટના BSFના કેમ્પ પાછળની બાવળની ઝાડીમાં આગ લાગી

# ભાભર પાલિકાના ફાયર ફાઈટરે પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો, સદ નસીબે જાનહાની ટળી





(તસ્વીર-અહેવાલ : નવીન ચૌધરી, સુઇગામ)

(ગરવી તાકાત) સૂઈગામ તા.૩૧


સુઈગામ તાલુકાના પ્રખ્યાત યાત્રાધામ અને સુઈગામ થી ૨૦ કી. મી દૂર આવેલા નડેશ્વરી માતાજીના મંદિર પાછળ આવેલ મ્જીઃ ના કેમ્પ નજીકની બાવળની ઝાડીમાં રવિવારે સવારે આકસ્મિક આગ લાગતા ધુમાડાના ગોટેગોટા નીકળતા જોઈ મ્જીઃ દ્વારા અને મંદિર ટ્રસ્ટ દ્વારા આગ ઓલવવાનો પ્રયત્ન હાથ ધરવામાં આવ્યો હતો,પણ પવન વધુ હોવાના કારણે આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં આખરે ભાભર નગરપાલિકા ના ફાયર ફાઈટરને જાણ કરતાં બનાવ સ્થળે આવી પહોંચેલા ફાયર ફાઈટર દ્વારા પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો, ક્યાં કારણોસર આગ લાગી તે જાણવા મળ્યું નથી, પરંતુ આગ ના કારણે કોઈ જાન હાનિ ન થતા તંત્રએ હાશકારો અનુભવ્યો હતો,અત્રે ઉલ્લેખનીય છે કે નડાબેટ નજીકની બાવળોની ઝાડીમાં અગાઉ પણ બે થી ત્રણ વખત આગ લાગવાના બનાવો બન્યા છે,અને તે આગમાં બાવળોની ઝાડીને મોટું નુકસાન પણ થયું હતું, રવિવારે લાગેલી આગમાં પણ જંગલ ઝાડીને નુકશાન થયુ હતું, અત્રે ઉલ્લેખનીય છે કે નડાબેટ નજીકના જંગલમાં વરુ,શિયાળ, રોઝ, ઘુડખર સહિત અન્ય જંગલી પ્રાણીઓનો મોટો વસવાટ છે, જ્યાં અવાર નવાર આગ ના બનાવો બનતાં તંત્ર દ્વારા સતત બચાવની કામગીરી કરાતી હોય છે,અને બેકાબુ આગ લાગવાના બનાવોમાં થરાદ અથવા તો ભાભર કે રાધનપુરથી ફાયર ફાઈટર મંગાવવા પડે છે,જે આવે ત્યાં સુધી આગ ના બનાવના સ્થળે મોટું નુકસાન થતું હોય છે,ત્યારે સરહદી સુઈગામ ખાતે સરકારશ્રી દ્વારા ફાયર ફાઈટર ફાળવવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

# પાલનપુરની શાખા જૈન શિશુ શાળાના લગભગ ૩૪૦ વિદ્યાર્થીઓ પોલીસ હેડ ક્વાર્ટરની મુલાકાત લીધી

(ગરવી તાકાત) સૂઈગામ તા.૩૧

પાલનપુર ની શાખા જૈન શિશુ શાળા ના લગભગ ૩૪૦ વિદ્યાર્થીઓ આજે પોલીસ હેડ ક્વાર્ટર ની મુલાકાત લીધી.

તેમાં અલગ અલગ શાખાઓની મુલાકાત લઈને જ્ઞાનવર્ધક ચર્ચાઓ કરી તથા પ્રદર્શન નિહાળી તેમાં હથિયારી શાખા માઉન્ટેડ વિભાગ અને પછી બાળકો ઉત્સાહપૂર્વક કે નાઈન પોલીસ ડોગ સ્કોડ માં પધાર્યા હતા. જેમાં તેમના સાથે લગભગ ૩૦ જેટલા શિક્ષકો હતા જેમને બાળકોને ઉચ્ચ કક્ષાની માવજત સાથે કે નાઈન પોલીસ ડોગની જાણકારી પ્રાપ્ત કરવામાં મદદ કરી હતી કે નાઈન ડોગ શાખા ના પૃથ્વીરાજસિંહ રાઠોડ વિક્રમ. કુમાર શિવલાલ રાવલ રમેશભાઈ ચૌધરી , અશોકભાઈ ચૌધરી. , મનહરદાન ગઢવી તથા ડોગ ના કેનલ બોય વિપુલભાઈ મકવાણા ના સાનિધ્યમાં વિદ્યાર્થીઓને ૧૯ ડોગ શાખા ની સંપૂર્ણ માહિતી તથા પ્રદર્શન નિહાળ્યું હતું બાળકોને ખૂબ મજા આવી હતી અને અવનવું શીખવા મળ્યું હતું



બાળકોના પ્રશ્નો પણ વિચિત્ર હતા સર પોલીસ ડોગ શું ખાય છે સર પોલીસ ડોગ કેવી તે સુવે છે સર પોલિસ ડોગ ને ઓઢવા શું આપો છો તેમના પ્રશ્નોના જવાબો પોલીસ ડોગ શાખા એ વ્યવસ્થિત આપ્યા હતા અને તેમની બધી વ્યવસ્થાઓ બતાવી હતી બાળકોએ પોલીસ ડોગ રોશની પોલીસ પોલીસ ડોગ કેમેરી પોલીસ ડોગ ડોગલ્સ પોલીસ ડોગ લકી ની કામગીરી નિહાળી હતી અને પોલીસ ડોગ રોશની લકી કેમરી ડોગલસ ને વહાલ સાથે મસ્તી કરી હતી પોલીસ ડોગ ની જમવાની વ્યવસ્થા માં બાળકોની ઉત્સુકતા જાગી હતી પોલીસ ડોગનું ડિસિપ્લિન જોઈને બાળકોને પોતાની ઉચ્ચ કક્ષાની ડિસિપ્લિન જાળવવાની ક્ષમતા ખબર પડી હતી ૧૯ ડોગ શાખાના વિક્રમ કુમાર શિવલાલ રાવલ એ જણાવ્યું હતું કે કે નાઈન ડોગ ઉચ્ચ કક્ષાની પ્રશિક્ષણ પ્રાપ્ત કરી બનાસકાંઠા પોલીસની મદદ કરે છે પોલીસની સાથે ખભે ખભા મિલાવી ગુનાઓમાં ડિટેકશન કરવામાં મદદ કરે છે પોલીસ ઉચ્ચકક્ષાનું જમવાનું ને ઉચ્ચકક્ષાની ટ્રેનીંગ ઉચ્ચ કક્ષાનું પ્રાપ્ત થાય છે, તેમની નોકરી પણ જબરદસ્ત લેવામાં આવે છે તેમને સંપૂર્ણ તૈયારી સાથે જે તે સ્થળ નોકરી આવી હોય ત્યાં સમયસર પહોંચવું પોતાની નોકરી વ્યવસ્થિત કરવી તેનું પ્રશિક્ષણ આપવામાં આવે છે ડોગ ઉચ્ચ કક્ષાનું પ્રદર્શન પણ કરે છે અને અનેક ગુનાઓ ના ડિટેકશનમાં ડોગની સફળ કામગીરી હોય છે બનાસકાંઠા જિલ્લા પોલીસમાં નાર્કોટિક ડોગ પ્રોહિબિશન ડોગ ટ્રેકર ડોગ એક્સપ્લોઝિવ સનીફર ડોગ ફરજો બજાવે છે અને એક પોલીસ ડોગ અમદાવાદ ખાતે નરોડા ડોગ ટ્રેનિંગ સેન્ટરમાં ટ્રેનિંગ લઈ રહ્યા છે તે ડોગ ડીઝલ નામે પ્રખ્યાત છે તેની સુગઢ ટ્રેનિંગ ચાલી રહી છે ,, વિક્રમ કુમાર શિવલાલ રાવલ સાથે પોલીસ ડોગ રોશની નો તાલમેલ જોઈ વિદ્યાર્થીઓ દંગ રહી ગયા હતા તેમને દરેક ડોગ ને શાબાશી આપી હતી અને અમે ફરી આવશું તેવું વિદ્યાર્થીઓએ ડોગ્સને વચન આપ્યું હતું ડોગની કામગીરી જોઈ વિદ્યાર્થીઓ ખુશ થઈ ગયા હતા આખી દુનિયામાં અનેક પોલીસ ડોગ્સ મિલેટ્રી ડોગ્સ નેવી ડોગ્સ એરફોર્સ ડોગ્સ ફરજો બજાવી રહ્યા છે આ દરેક ડોગસ ને ટ્રેન કરવા અને તેમની પાસે નોકરી લેવી એ એક જબરદસ્ત પડકાર છે આ પડકારોને ડોગ હેન્ડલરો સંપૂર્ણ રીતે પૂરા પાડે છે વિક્રમ કુમાર શિવલાલ રાવલે જણાવ્યું હતું કે બનાસકાંઠા પોલીસના અધિકારીઓના સહયોગ થી પોલીસ ડોગ્સ કોઈપણ મોબીલાઈઝેશનમાં તાત્કાલિક પહોંચી જાય છે સમયસર કામગીરી બજાવે છે અને સારું પ્રદર્શન કરે છે.

## ડીસા શહેર ઉતર પોલીસ ચાઈનીઝ દોરીનો જથ્થો ઝડપી પાડયો

# ચાઈનીઝ દોરીનું વેચાણ કરતાં મુખ્ય વેપારી સુધી પોલીસ પહોંચે તો મોટો જથ્થો ઝડપાઈ શકાય તેમ છે : લોકમાંગ

(ગરવી તાકાત) ડીસા તા.૩૧

ડીસા શહેર ઉત્તર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી પ્રતિબંધિત ચાઈના દોરીની ફીરકી(રીલ) નંગ-૪૦ કિ.રૂ.૪૦,૦૦૦/- મુદામાલ ઝડપી પાડ્યો છે બનાસકાંઠા પોલીસ ચિરાગ કોરડીયા, પોલીસ મહાનિરીક્ષક, સરહદી રેંજ કચ્છ-ભુજ તથા અક્ષયરાજ, મકવાણા પોલીસ અધિક્ષક બનાસકાંઠા જીલ્લાનાઓએ આગામી સમયમા ઉતરાયણનો તહેવાર આવતો હોય જેથી પ્રતિબંધિત ચાઈના દોરીની વેચાણ કરતા ઈસમો સામે કાયદેસર કરવા સુચના કરવામા આવેલ હોય જે અન્વયે સી.એલ.સોલંકી, નાયબ પોલીસ અધિક્ષક ડીસા વિભાગ ડીસાનાઓના માર્ગદર્શન હેઠળ, શ્રી



(તસ્વીર-અહેવાલ : પારસ વ્યાસ, ડીસા)

**ઉતરાયણ પર્વમાં અનેક જગ્યાએથી ચાઈનીઝ દોરી ઝડપાય છે પરંતુ ચાઈનીઝ દોરીનું વેચાણ કરતાં મુખ્ય સુત્રધાર સુધી પોલીસના હાથ પહોંચતા નથી જેના કારણે દર વર્ષે ચાઈનીઝ દોરીનું ધુમ વેચાણ થાય છે પ્રતિબંધિત ચાઈનીઝ દોરીનું વેચાણ અટકા માટે પકડાયેલ વ્યક્તિ ચાઈનીઝ દોરી ક્યાંથી લાવ્યા જેને લઇને કડક તપાસ હાથ ધરવામાં આવે તો મોટા પ્રમાણમાં ચાઈનીઝ દોરી ઝડપાઈ શકે તેમ છે.**

એસ.ડી.ચૌધરી, પો.ઈન્સ. સાથે પોલીસ સ્ટાફના માણસો પેટ્રોલીંગ હતા અને હ્યુમન સોર્સના આધારે માહીતી મળેલ કે ડીસા જોગણીમાતાના મંદિર પાસે રહેતી પિક્રીબેન વા/ઓ બાબુભાઈ પટ્ટણી પોતાના રહેણાંક ઘરે પ્રતિબંધિત ચાઈનીઝ પતંગ દોરીનુ વેચાણ કરે છે જે હકીકતના આધારે તપાસ કરતા તેના રહેણાંક ઘરેથી પ્રતિબંધિત ચાઈના દોરીની ફીરકી(રીલ) નંગ રૂપિયા૪૦,.૦૦૦/- /- મુદામાલ મળી આવતા તેના વિરુધ્ધ ડીસા શહેર ઉત્તર પોલીસ સ્ટેશન પાર્ટ-એ-૬૪૬/૨૦૨૪ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે.

## પાલનપુરમાં મુસ્લિમ સમાજના સમૂહ લગ્નમાં ૩૧ દુલ્હા-દુલ્હને નિકાહ પડ્યા

(ગરવી તાકાત) પાલનપુર તા.૩૧

સમૂહલગ્નના આયોજક સહીદખાન પરમાર અને કે.એ.શેખે જણાવ્યું હતું કે,પાલનપુર મુસ્લિમ સમાજ દ્વારા વર્ષ ૨૦૧૪ થી પ્રથમ સમૂહ લગ્નની શરુઆત કરવામાં આવી હતી. અને દર વર્ષે સમૂહ નિકાહ કરવામાં આવે છે. પ્રથમ વર્ષે ૨૧ યુગલ લગ્નગ્રંથી જોડાયાં હતાં. કોરોના વખતે ફકત એક વર્ષ બંધ રાખ્યા હતા. બાકી દર વર્ષે સમૂહલગ્ન મહોત્સવ ઉજવવામાં આવે છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ પાલનપુર સમસ્ત મુસ્લિમ સમાજનો નવમો સમૂહ નિકાહ રવિવારે જનતાનગરમાં યોજાયો હતો.

# સંક્ષિપ્ત સમાચાર

## શ્રી સેન સમાજ યુવા મંડળ વાવ તાલુકા દ્વારા આયોજિત સમાજ ના તેજસ્વી તારલાઓનું સન્માન સમારોહ યોજાયો



(તસ્વીર-અહેવાલ : ભરત ચૌધરી,વાવ)

(ગરવી તાકાત) વાવ તા.૩૧

જેમાં સમાજના વિવિધ શૈક્ષણિક ક્ષેત્રોમાં સિદ્ધિઓ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ અને સરકારી કર્મચારીઓનું સમાજ દ્વારા સન્માન કરવામાં આવ્યું.

આ શુભ પ્રસંગે વાવ ના લોકપ્રિય ધારાસભ્ય શ્રી સ્વરૂપજી ઠાકોર સાહેબ, બનાસકાંઠા જિલ્લા સાંસદ શ્રી મતિ ગેનીબેન ઠાકોર સાહેબ, થરાદના પૂર્વ ધારાસભ્ય ગુલાબસિંહ રાજપુત, નાઈ સમાજના અગ્રણી આંબાભાઈ એચ સોલંકી, કોંગ્રેસ ના અગ્રણી કેપી ગઢવી સાહેબ, શ્રી લીંબચ યુવા સંગઠનના બનાસકાંઠા જિલ્લા પ્રમુખ વિનોદભાઈ પાલનપુર, શૈલેષભાઈ નાઈ દિયોદર, તથા સમાજના તમામ સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહીને સમાજના પ્રસંગ ને સોભયમાન કરવા અને માર્ગદર્શન આપવા અને સમાજ ને શૈક્ષણિક રીતે મજુબત બનાવવા માટે આર્થિક રીતે પણ મદદ રૂપ થવા બદલ તમામ નો ખૂબ આભાર. વેકત કરવામાં આવ્યું હતું.

## અંદ્રોખા આર. કે. સંકુલ ખાતે મન કી બાતનો કાર્યક્રમ નિહાળ્યો



(ગરવી તાકાત) વિજયનગર તા.૩૧

તા.૩૦/૧૨/૨૦૨૪ વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીની ×મન કી બાત × જીવંત પ્રસારણનો કાર્યક્રમ નિહાળવા માટે વિજયનગર તાલુકાના અંદ્રોખા આર. કે. પટેલ શિક્ષણ સંકુલ ખાતે રવિવારે આયોજન કરાયુ હતું.

જે આ કાર્યક્રમમાં રાજ્ય સભાના સાંસદ રમીલાબેન બારા,ખેડબ્રહ્મા વિધાન સભાનાપૂર્વ ધારાસભ્ય અશ્વિન ભાઈ કોટવાલ, વિજયનગરતાલુકા સંગઠન પ્રમુખ પરેશભાઈ આર.પટેલ,સા. કાં.જિલ્લા જી્ મોરચાના પ્રમુખ રણજિતસિંહ જે.પાંડોર, ભાજપ પાર્ટીના મહામંત્રી કિરીટભાઈ સડાત, મયુર શાહ, નટવરસિંહ ભાટી સહિત ભાજપના હોદ્દેદારો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી મન કી બાત કાર્યક્રમ નિહાળ્યો હતો.

## મહેસાણાની કોલેજ ની સાર્જન્ટ નિધિ પટેલની દિલ્હી પરેડ માટે બેવડી સિધ્ધી



(ગરવી તાકાત) મહેસાણા તા.૩૧

અત્રેના નાગલપુર ખાતેના અવની સીડ્સ કેમ્પસની મ્યુનિસિપલ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ ની જી.રૂ. મ.જીષ્ઠ ની સાર્જન્ટ નિધિ પટેલ ની દિલ્હી ખાતેની રિપબ્લિક ડે પરેડ તથા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સાહેબના ગાર્ડ ઓફ ઓનર યુનિટ માટે પસંદ મેળવી બેવડી સિધ્ધીપ્રાપ્ત કરેલ છે.ઉતરગુજરાત ની આવી સિધ્ધી મેળવનાર નિધિ પટેલ એક માત્ર વિધાર્થિની છે.

અત્રેઉલેખ્નીય છે કે મહેસાણાની બાજુમાં આવેલા ધીણોજ ગામની આ બહાદુર દિકરીએ અગાઉ રાષ્ટ્રીય એકતા દિવસમાં લેફટનન્ટ જનરલ ગુરબીરપાલ સિંહ, છફજીસ, ફજીસ ને ગાર્ડ ઓફ ઓનર કેવડીયા કોલોની ખાતે આપેલ હતું.

નિધિ એ દરેક એનસીસી કેડેટ્સ માટે પ્રેરણાની દીવાદાંડી સ્વરૂપ કામ કર્યુ છે, જે રાષ્ટ્ર પ્રત્યેની ફરજની ભાવના ચરિતાર્થ કરી છે. આ સિધ્ધી માટે મહેસાણા ૭ ય્દ્ભ હ્વહ દ્ગઝ્રઝ્ર કમાન્ડિંગ ઓફિસર શ્રી વિક્રમ મહેતા સાહેબ અને આચાર્ય પ્રો. જે. એમ કડિયા એ એન ઓ ડો. વિપુલ ઔદિચ એ નિધિ પટેલ ખુબ ખુબ અભિનંદન પાઠવેલ છે.

Volume : 10 Issue : 270 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002